Friday
26.06.2026
*Volume :10 * Issue No.350
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# પ્રધાનમંત્રીએ પરમી પ્રગતિ (PRAGATI) બેઠકની અધ્યક્ષતા કરી

**પ્રધાનમંત્રીએ રોડ, પાવર, ઇન્ડસ્ટ્રિયલ કોરિડોર અને મેટ્રો રેલ ક્ષેત્રોમાં ચાર રાજ્યોમાં ફેલાયેલા આશરે ૩૦,૦૦૦ કરોડની કિંમતના ચાર મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી**

**પ્રધાનમંત્રીએ કાર્યક્ષમ આયોજન માટે પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનના ઉપયોગ અને પોર્ટલ પર પ્રોજેક્ટ, યુટિલિટી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ડેટાને સમયસર અપડેટ કરવા પર ભાર મૂક્યો**

**પ્રધાનમંત્રીએ સાયબર ક્રાઇમ અને ડિજિટલ અરેસ્ટ સંબંધિત ફરિયાદોની સમીક્ષા કરી અને સમયસર પગલાં લેવા, સંકલિત પ્રતિભાવ અને ઇ-ઝીરો એફઆઇઆર (e-Zero FIR) નોંધણી પ્રણાલી પર ભાર મૂક્યો**

**પ્રધાનમંત્રીએ ટીબી મુક્ત ભારત અભિયાનની સમીક્ષા કરી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સહિતની નવીનતમ ડિજિટલ ટેક્નોલૉજીનો લાભ લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો**



## પ્રધાનમંત્રીએ મંત્રાલયો અને રાજ્ય સરકારોને પેન્ડિંગ મુદ્દાઓને મિશન-મોડ રીતે ઉકેલવા અને ચુસ્ત દેખરેખ સુનિશ્ચિત કરવા જણાવ્યું

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વહેલી સવારે સેવા તીર્થ ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારોના પ્રયાસોને એકીકૃત કરીને પ્રો-એક્ટિવ ગવર્નન્સ અને સમયસર અમલીકરણને પ્રોત્સાહન આપવાના હેતુથી આઈસીટી (ICT)-સક્ષમ, મલ્ટિ-મોડલ પ્લેટફોર્મ, પ્રગતિ (PRAGATI) ની પરમી બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક દરમિયાન, પ્રધાનમંત્રીએ ચાર રાજ્યોને આવરી લેતા અને આશરે ૩૦,૦૦૦ કરોડના ખર્ચ ધરાવતા રોડ, પાવર, ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર અને મેટ્રો રેલ ક્ષેત્રોના ચાર જટિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી. આર્થિક વૃદ્ધિ, પ્રાદેશિક કનેક્ટિવિટી, ઔદ્યોગિક વિકાસ અને જનકલ્યાણ માટે મહત્વપૂર્ણ એવા આ પ્રોજેક્ટ્સની સમીક્ષા સમયમર્યાદા, આંતર-એજન્સી સંકલન, મુદ્દાઓનું નિવારણ અને સમયસર પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં વિલંબ માત્ર ખર્ચમાં વધારો જ નથી કરતો, પરંતુ નાગરિકો અને ઉદ્યોગોને સમયસર મળતા લાભોથી પણ વંચિત રાખે છે. તેમણે સંબંધિત મંત્રાલયો અને રાજ્ય સરકારોને પેન્ડિંગ મુદ્દાઓને મિશન-મોડ રીતે ઉકેલવા અને સર્વોચ્ચ સ્તરે ચુસ્ત દેખરેખ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના કાર્યક્ષમ આયોજન અને સમયસર અમલીકરણ માટે પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. તેમણે પોર્ટલ પર પ્રોજેક્ટની વિગતો, યુટિલિટીઝ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર લેયર્સ, મંજૂરીઓ અને અન્ય ક્ષેત્ર-સ્તરની માહિતી નિયમિત અને સમયસર અપડેટ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મ નવીનતમ ગ્રાઉન્ડ સિચ્યુએશન (વાસ્તવિક પરિસ્થિતિ) ને પ્રતિબિંબિત કરતું હોવું જોઈએ જેથી અડચણો અગાઉથી ઓળખી શકાય, આંતર-એજન્સી સંકલન સુધારી શકાય અને વિશ્વસનીય, રીઅલ-ટાઈમ ડેટાના આધારે નિર્ણયો લઈ શકાય. પ્રધાનમંત્રીએ ટીબી મુક્ત ભારત અભિયાનની સમીક્ષા કરી હતી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહિતની નવીનતમ ડિજિટલ ટેકનોલોજીનો લાભ લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે જાગૃતિ, દર્દીઓના ફોલો-અપ અને સામુદાયિક ગતિશીલતા માટે એનસીસી (NCC) કેડેટ્સ અને માય ભારત (MY Bharat) સ્વયંસેવકોની ટીમ બનાવવાનું સૂચન કર્યું હતું. પ્રધાનમંત્રીએ સાયબર ક્રાઈમ અને ડિજિટલ અરેસ્ટ સંબંધિત ફરિયાદોની પણ સમીક્ષા કરી હતી. તેમણે નાગરિકો સાથે છેતરપિંડી કરવા માટે ડિજિટલ પ્લેટફોર્મના વધી રહેલા દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આવા મામલાઓમાં તમામ સંબંધિત એજન્સીઓ દ્વારા સંકલિત, સંવેદનશીલ અને સમયબદ્ધ હેન્ડલિંગની જરૂર છે. તેમણે નોંધ્યું હતું કે નાગરિકોને એક વિભાગ કે એજન્સીથી બીજા વિભાગમાં દોડાદોડ કરાવવી જોઈએ નહીં. તેમણે સ્પષ્ટ માલિકી, ઝડપી પ્રતિભાવ, કાયદો અમલીકરણ એજન્સીઓ, બેંકો અને ડિજિટલ પ્લેટફોર્મ વચ્ચે બહેતર સંકલન અને મજબૂત જાહેર જાગૃતિ અભિયાનોની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ અવલોકન કર્યું હતું કે સાયબર છેતરપિંડી સંબંધિત કેસોમાં નાણાકીય નુકસાન અટકાવવા અને જનતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે સમયસર પગલાં લેવા અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે તમામ હિસ્સેદારોને નિવારણ, રિપોર્ટિંગ, તપાસ અને ફરિયાદ નિવારણ પ્રણાલીને મજબૂત કરવા માટે નજીકના સંકલનમાં કામ કરવા જણાવ્યું હતું. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે રાજ્યોએ સાયબર છેતરપિંડીના કેસોમાં ઝડપી નોંધણી અને પ્રતિભાવ માટે ઈ-ઝીરો એફઆઈઆર (e-Zero FIR) પ્રણાલીને સક્ષમ કરવા તરફ કામ કરવું જોઈએ.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સાણંદ તાલુકામાં પીંપણ ગામ અને સાણંદ મોડલ સ્કૂલમાં બાળકોનો શાળા પ્રવેશ કરાવ્યો

**કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ સરકારી કાર્યક્રમ મટીને જન-જનનો ઉત્સવ બન્યો છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

**:: મુખ્યમંત્રીશ્રી ::**

- **૨૦૦૩માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોપેલું પ્રવેશોત્સવનું બીજ આજે વટવૃક્ષ બન્યુંઃ શાળાઓમાં ૧૦૦ ટકા નામાંકન અને ઝીરો ડ્રોપઆઉટ રેટ લક્ષ્ય**
- **સાણંદ સેમીકંડક્ટર હબ બની રહ્યું છે, ત્યારે આપણા દીકરા-દીકરીઓ પણ ગ્લોબલ સ્તરનું શિક્ષણ મેળવે તે જરૂરી છે.**
- **ઔદ્યોગિક પ્રગતિ સાથે 'એક પેડ માં કે નામ' અભિયાન દ્વારા પર્યાવરણનું જતન અને 'કેચ ધ રેન' થકી જળસંચયથી જળ સુરક્ષા પણ સુનિશ્ચિત થયાં છે.**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલો કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ આજે માત્ર સરકારી કાર્યક્રમ રહ્યો નથી, પરંતુ વાલીઓ, શિક્ષકો અને ગ્રામજનોના સહિયારા પ્રયાસોથી જન-જનનો લોકોત્સવ બની ગયો છે. રાજ્યમાં શિક્ષણના સ્તરને નવી ઊંચાઈએ લઈ જવાના અને ૧૦૦ ટકા નામાંકનના લક્ષ્ય સાથે ઉજવાઈ રહેલા ૨૪મા 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૬'ના ત્રીજા દિવસે અમદાવાદ જિલ્લાના સાણંદના પીંપણ અને મોડેલ સ્કૂલ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓને ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણના મહત્વ પર ભાર મૂકતાં ઉમેર્યું કે, રાજ્ય સરકારના સઘન પ્રયાસોને પરિણામે આજે શાળાઓમાં ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યું છે. એટલું જ નહીં, અધવચ્ચેથી અભ્યાસ છોડી દેતા (ડ્રોપઆઉટ) વિદ્યાર્થીઓનું લિસ્ટ તૈયાર કરી, વાલીઓનું કાઉન્સેલિંગ કરીને તેમને પુનઃ શાળામાં લાવવા માટે સરકાર કટિબદ્ધ છે. તેમણે વાલીઓને આગ્રહપૂર્વક જણાવ્યું કે, આર્થિક સમૃદ્ધિની સાથે-સાથે પોતાના સંતાનોના શિક્ષણ અને ભવિષ્ય પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવું એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. મોડેલ સ્કૂલ સાણંદમાં ધોરણ-૯ માં ૧૪૨ વિદ્યાર્થીઓ, ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહમાં ૫૦ વિદ્યાર્થીઓ તેમજ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ૧૭ વિદ્યાર્થીઓ મળીને કુલ ૨૦૯ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવાયો હતો. મુખ્યમંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે નવ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શાળા પ્રવેશોત્સવની સફળતા અંગે કહ્યું કે, બે દાયકા પહેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલો શાળા પ્રવેશોત્સવ આજે વટવૃક્ષ બની ચૂક્યો છે. અગાઉ શાળાએ જતાં રડતા બાળકોને બદલે આજે વિદ્યાર્થીઓના ચહેરા પર અદ્ભુત આનંદ અને આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે, તે દર્શાવે છે કે આ સરકારી કાર્યક્રમ મટીને સાચા અર્થમાં જન-જનનો ઉત્સવ બની ગયો છે. સાણંદના ઔદ્યોગિક વિકાસની પ્રશંસા કરતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત સેમીકંડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બની રહ્યું છે અને સાણંદ દેશનું મોટું 'સેમીકંડક્ટર હબ' બનીને ઉભરી રહ્યું છે, ત્યારે આ વિસ્તારના દીકરા-દીકરીઓ પણ ગ્લોબલ સ્તરનું ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવે તે અનિવાર્ય છે. આજે રાજ્યની સરકારી શાળાઓની છબી એવી બદલાઈ છે કે તેમાં એડમિશન માટે ભલામણો કરાવવી પડે છે, તે શિક્ષણ નીતિની મોટી સિદ્ધિ છે. ગ્લોબલ વોર્મિંગના પડકારજનક સમયમાં પર્યાવરણ અને જળસંચયની અનિવાર્યતા સમજાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના આહવાનથી શરૂ કરાયેલી 'કેચ ધ રેન' મુહિમ અંતર્ગત વરસાદી પાણીના ટીપે-ટીપાનો સંગ્રહ કરવો અને તેને જમીનમાં ઉતારવું એ આપણી ભાવિ પેઢીની જળ સુરક્ષા માટે અનિવાર્ય છે. ધારાસભ્યોને રીચાર્જિંગ બોર બનાવવા માટે ૫૦ લાખની ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. પર્યાવરણ સંતુલન માટે વડાપ્રધાનશ્રીના 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ દરેક નાગરિકને પોતાની માતાના નામે એક વૃક્ષ વાવવા અને તેનો ઉછેર કરવા ભાવભરી અપીલ કરી હતી. સરકારની યોજનાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું કે, આયુષ્માન કાર્ડ, ઉજ્જ્વલા અને આવાસ યોજના જેવા તમામ લાભોથી છેવાડાનો નાનો માણસ વિકાસના મુખ્ય પ્રવાહમાં આવ્યો છે. પ્રગતિનો પ્રવેશોત્સવ સૂત્રને સાથે કરતા કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે શાળાના પ્રતિભાશાળી અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શાળાનું ૧૦૦ ટકા પરિણામ લાવવા બદલ આચાર્ય શ્રી વિનોદભાઈ મગવાડિયા તથા શાળાને ઉદાર હાથે દાન આપનાર દાતાશ્રીઓનું પણ સન્માન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રેરણાદાયી વક્તવ્ય રજૂ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સાણંદ મોડેલ સ્કૂલ પરિસરની મુલાકાત લીધી હતી. તેમણે અદ્યતન એક્ટીવીટી બેઝ્ડ સાયન્સ લેબની મુલાકાત લઈને શૈક્ષણિક સુવિધાઓ નિહાળી હતું. મુખ્યમંત્રીશ્રીએ શાળામાં કાર્યરત કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય ગર્લ્સ હોસ્ટેલની મુલાકાત લઈને વ્યવસ્થાઓ નિહાળી હતી. શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) અને શાળા વ્યવસ્થાપન વિકાસ સમિતિ (SMDC)ના સભ્યો તથા વાલીગણ સાથે બેઠક યોજીને સંવાદ સાધ્યો હતો, તેમાં શાળાના સર્વાંગી વિકાસ, ડ્રોપઆઉટ રેટ ઘટાડવા અને શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મુખ્યમંત્રીશ્રી સહિતના સૌ મહાનુભાવોએ પર્યાવરણની જાળવણી અને હરિયાળીના સંદેશ સાથે શાળા પ્રાંગણમાં સામુહિક વૃક્ષારોપણ કર્યું હતું. આ અવસરે અમદાવાદ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી સુરજીતસિંહ ગોહીલ, સાણંદના ધારાસભ્યશ્રી કનુભાઈ પટેલ, અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિદેહ ખરે, પોલીસ અધીક્ષક શ્રી ઓમ પ્રકાશ જાટ, અગ્રણી શ્રી શૈલેષભાઈ દાવડા, નગરપાલિકા પ્રમુખશ્રી ધ્રુમિનભાઈ જોશી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ / સભ્યશ્રીઓ, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, સ્થાનિક પદાધિકારીઓ, શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે નવી દિલ્હીમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શુભેચ્છા મુલાકાત કરી



કમલમ્,

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન ગુજરાતમાં ચાલતા વિવિધ વિકાસલક્ષી અને જનકલ્યાણકારી કાર્યક્રમો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રધાનમંત્રીશ્રીને ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિના વ્યાપ અને તેના પરિણામો વિશે માહિતગાર કર્યા હતા. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી તરફ વાળવા અને ગાય આધારિત ખેતીને પ્રોત્સાહન આપવા માટે રાજ્યભરમાં સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. રાજ્યપાલશ્રીએ પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પોને અનુરૂપ રાજ્યમાં વીજળી બચત માટે કરવામાં આવી રહેલા પ્રયાસોની વિગતો આપી હતી. તેમણે જણાવ્યુ હતું કે, ગુજરાત લોકભવનના દિશા-નિર્દેશોથી સમગ્ર ગુજરાતની તમામ સરકારી કચેરીઓ, વિશ્વવિદ્યાલયો, નગરપાલિકા-મહાનગરપાલિકામાં વીજળી બચતનું અભિયાન મિશન મોડ પર ચાલી રહ્યું છે. મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રી દ્વારા ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં આયોજિત ગ્રામ કલ્યાણ કાર્યક્રમો અંગે પણ ચર્ચા થઈ હતી. રાજ્યપાલશ્રીએ ગ્રામીણ સ્તરે સ્વચ્છતા, વૃક્ષારોપણ, પર્યાવરણ સંરક્ષણ, શિક્ષણ, સંસ્કાર, રોજગાર, આરોગ્ય, નશામુક્તિ, પશુપાલન, સરકારી યોજનાઓ, પ્રાકૃતિક કૃષિ, સામાજિક સમરસતા વગેરે માટે કરવામાં આવી રહેલી કામગીરીની વિગતો પ્રધાનમંત્રીશ્રીને આપી હતી. આ ઉપરાંત ગ્રામજનો સાથેના સીધા સંવાદ દ્વારા મળેલા સકારાત્મક પ્રતિભાવો વિશે પ્રધાનમંત્રીશ્રીને અવગત કર્યા હતા.



કમલમ્,

**ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના વડોદરા પ્રવાસની શરૂઆત સયાજીપુરા પાંજરાપોળની મુલાકાત સાથે કરી હતી. જ્યાં તેમણે સ્થાનિક ભાજપા કાર્યકર્તાઓ સાથે ગૌસેવાનો લાભ લીધો અને ગૌમાતાને ફળ અર્પણ કર્યા હતાં. આ અવસરે શક્તિ, કરુણા અને ભક્તિનું પ્રતીક એવી ગૌમાતાના પૂજન અને સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવા પર તેઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.**

# જનસંઘના સ્થાપક, મહાન રાષ્ટ્રચિંતક અને અખંડ ભારતના પ્રખર ઉપાસક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના ૧૨૫મા જન્મજયંતિ વર્ષ નિમિત્તે ભાજપાના 'સ્મૃતિ પખવાડિયા' અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં વડોદરા ખાતે કાર્યકર્તા સંમેલન યોજાયું

## પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના દ્રઢ નેતૃત્વ હેઠળ જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ થવાની પ્રક્રિયા ડૉ. મુખર્જીના દેશની એકતા માટેના બલિદાન અને સંકલ્પને સાકાર કરતી ઐતિહાસિક ઘટના હોવાનું જણાવતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



કમલમ્,

જનસંઘના સ્થાપક, મહાન રાષ્ટ્રચિંતક અને અખંડ ભારતના પ્રખર ઉપાસક, ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાના પ્રેરણાસ્ત્રોત ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના ૧૨૫મા જન્મજયંતિ વર્ષ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશવ્યાપી આયોજિત 'સ્મૃતિ પખવાડિયા' અંતર્ગત આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં વડોદરા ખાતે જિલ્લા ભાજપા કાર્યાલય 'વંદે કમલમ' ખાતે કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનની શરૂઆતમાં સંવિધાન હત્યા દિવસ સંદર્ભે જણાવ્યું હતું કે, ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ કોંગ્રેસ દ્વારા દેશ પર કટોકટી લાદીને લોકશાહીની હત્યા કરવામાં આવી હતી અને તે દિવસને દેશ આજે પણ 'લોકશાહીનો કાળો દિવસ' તરીકે યાદ કરે છે. દેશના સંવિધાન અને લોકશાહી પર થયેલા પ્રહારોને નવી પેઢી સુધી પહોંચાડવાનું છે. તે સમયગાળા દરમિયાન થયેલા અત્યાચાર, દમન અને લોકશાહી મૂલ્યોના હનન વિશે સમાજને માહિતગાર કરવું એ દરેક કાર્યકર્તાની જવાબદારી છે. કટોકટી દરમિયાન લોકતાંત્રિક મૂલ્યોને જીવંત રાખવા માટે સંઘર્ષ કરનારા તમામ દેશભક્તોને તેમણે વંદન કર્યું હતું. પ્રાસંગિક ઉદ્બોધન કરતા તેમણે જણાવ્યું હતું કે, ૨૩ જૂનથી ૬ જુલાઈ સુધી સમગ્ર દેશમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન અને જન્મજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જેના માધ્યમથી નવી પેઢીને તેઓના લોકતાંત્રિક મૂલ્યો, સંઘર્ષ અને રાષ્ટ્રપ્રતિબદ્ધતાની ગાથા સાથે પરિચિત કરવાનું કાર્ય થઈ રહ્યું છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનપ્રસંગોને યાદ કરતાં તેમણે જણાવ્યું કે ૬ જુલાઈ, ૧૯૦૧ના રોજ કલકત્તામાં જન્મેલા ડૉ. મુખર્જી અસાધારણ પ્રતિભાના ધની હતા. માત્ર ૩૩ વર્ષની વયે તેઓ કલકત્તા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા હતા. સ્વતંત્ર ભારતના પ્રથમ ઉદ્યોગ અને પુરવઠા મંત્રી તરીકે તેમણે દેશના ઔદ્યોગિક વિકાસ અને આત્મનિર્ભરતાનો મજબૂત પાયો નાખ્યો હતો. ભારતની પ્રારંભિક ઔદ્યોગિક નીતિના ઘડતરમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. તેઓ સત્તા માટે નહી, પરતુ રાષ્ટ્રવાદી વિચારધારા અને સેવાભાવના કારણે જાહેરજીવનમાં જોડાયા હતા. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે ડૉ. મુખર્જીએ દેશહિત સર્વોપરી રાખીને ૮ એપ્રિલ, ૧૯૫૦ના રોજ થયેલા નહેરુ-લિયાકત કરારનો વિરોધ કરતાં કેન્દ્રીય મંત્રીપદેથી રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રહિતને નુકસાન પહોંચાડતી નીતિઓ સામે તેમણે અડગપણે અવાજ ઉઠાવ્યો હતો. કાશ્મીર માટે અલગ ધ્વજ, અલગ બંધારણ, અલગ પ્રધાનમંત્રી અને પરમિટ પ્રથાનો તેમણે વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે જનસંઘની સ્થાપના સમયે ડૉ. મુખર્જીએ ભારતને ફરીથી મહાન અને સશક્ત રાષ્ટ્ર બનાવવા માટે સૌને એક થવાનો આહ્વાન કર્યું હતું. 'ચરૈવેતિ, ચરૈવેતિ'ના મંત્ર સાથે તેમણે સમગ્ર દેશમાં પ્રવાસ કરીને રાષ્ટ્રવાદી વિચારધારાને જનજન સુધી પહોંચાડી હતી. સંસદમાં જ્યારે પંડિત જવાહરલાલ નહેરુએ "હું તમને અને તમારા જનસંઘને કચડી નાખીશ" એવું કહ્યું હતું, ત્યારે ડૉ. મુખર્જીએ "હું તમારી આ વિચારધારાને કચડી નાખીશ" એવો ઐતિહાસિક પ્રતિઉત્તર આપ્યો હતો. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું કે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ કરવાની પ્રક્રિયા ડૉ. મુખર્જીના બલિદાન અને સંકલ્પને સાકાર કરતી ઐતિહાસિક ઘટના હતી. લાંબા સમય સુધી થયેલા અભ્યાસ, કાનૂની પ્રક્રિયા અને વ્યાપક વિચારવિમર્શ બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના દ્રઢનેતૃત્વમાં કલમ ૩૭૦ દૂર કરવામાં આવી હતી. કોંગ્રેસ દ્વારા અનેક પ્રકારના ભય અને ભ્રમ ફેલાવવાના પ્રયાસો છતાં આજે કાશ્મીરમાં શાંતિ, વિકાસ અને રાષ્ટ્રીય એકતાનું વાતાવરણ સર્જાયું છે. આ સંદર્ભે તેમણે ડૉ. મુખર્જીના બલિદાનને યાદ કરતાં કહ્યું કે, "જહાં હુએ બલિદાન મુખર્જી, વો કાશ્મીર હમારા હૈ!" અંતમાં શ્રી વિશ્વકર્માએ કાર્યકર્તાઓને રાષ્ટ્રપ્રથમની ભાવના સાથે કાર્ય કરવા આહ્વાન કરતાં જણાવ્યું કે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન, તેમના આદર્શો, રાષ્ટ્રનિષ્ઠા અને સેવા-સમર્પણના સંસ્કારો આજે પણ ભાજપાના કાર્યકર્તાઓમાં જીવંત રહે અને સમાજજીવનમાં વધુ પ્રેરણારૂપ બને તે માટે સૌએ સંકલ્પબદ્ધ બની કાર્ય કરવું જોઈએ. તેઓએ જણાવ્યું કે, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ કહ્યુ હતું કે સેવા કરવાથી અને બલિદાન આપવાથી જનસમુહનો વિશ્વાસ જીતી શકાય છે અને આપણે એ જ મંત્ર સાથે કાર્યરત રહી રાજ્યમાં છેલ્લા ૩૦ વર્ષથી સતત જનસમુદાયનો વિશ્વાસ જીતતા આવ્યા છીએ અને કેન્દ્રમાં ૩ સતત વખત જનતાના આશીર્વાદ આપણને પ્રાપ્ત થયા છે.

શ્રી વિશ્વકર્માએ તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિજેતા બનેલા તમામ જનપ્રતિનિધિઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે કેવડિયાથી કચ્છ સુધી ચારેય દિશામાં ભાજપનો ભગવો લહેરાયો છે અને કમળ ચારેય દિશામાં ખીલ્યું છે. છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતની જનતાએ ભાજપા પર અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને આ વિશ્વાસ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વ, ભાજપાની જનકલ્યાણકારી નીતિઓ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુશાસનના કારણે વધુ મજબૂત બન્યો છે. તેમણે જણાવ્યું કે મહાનગરપાલિકાની ૧૫માંથી ૧૫, નગરપાલિકાની ૮૪માંથી ૭૬, જિલ્લા પંચાયતની ૩૪માંથી ૩૩ અને તાલુકા પંચાયતની ૨૬૦માંથી ૨૨૯ સંસ્થાઓમાં ભાજપાની ભવ્ય જીત કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમ અને સમર્પણનું પરિણામ છે. તાજેતરમાં યોજાયેલી રાજ્યસભાની ચારેય બેઠકો પર ભાજપાના ઉમેદવારોની જીત પણ જનવિશ્વાસનું પ્રતિબિંબ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં ભાજપાની ભવ્ય જીત લાખો કાર્યકર્તાઓના પરિશ્રમ, ત્યાગ અને સંઘર્ષની જીત છે.

ભાજપાનું કમળ જ ભાજપાના પ્રત્યેક કાર્યકર્તા, આગેવાન અને જનપ્રતિનિધિની ઓળખ છે. આ ઓળખને વધુ મજબૂત બનાવવા માટે કાર્યકર્તાઓ સેવા અને સમર્પણ સાથે અવિરત કાર્યશીલ છે. શ્રી વિશ્વકર્માએ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને પ્રજાની વચ્ચે રહીને વધુ સક્રિયતાથી લોકસેવા કરવા આહ્વાન કરતાં જણાવ્યું કે ક્યાંક કોઈ વિસ્તારમાં ઓછા મત મળ્યા હોય ત્યાં પણ સમાન ભાવથી સેવા કરવી એ ભાજપાની કાર્યપદ્ધતિ છે. કાર્યકર્તાઓએ સતત પ્રજાલક્ષી અને સેવાકીય કાર્યો સાથે જોડાયેલા રહેવું જોઈએ, કારણ કે સેવા કરવાનો સ્વભાવ ભાજપાના કાર્યકર્તાની આગવી લાક્ષણિકતા છે. શાળા પ્રવેશોત્સવ અંગે ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે સમાજના અંતિમ છેવાડે રહેલા બાળકને શિક્ષણ સાથે જોડવાનું કાર્ય પણ રાષ્ટ્રસેવાનો મહત્વનો ભાગ છે. તેમણે રાજ્ય સરકારની કામગીરીના ઉદાહરણનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે આજે ભાજપાની રાજ્ય સરકાર દરેક બાળકને શિક્ષણ આપવા માટે કટિબદ્ધતા સાથે કાર્ય કરી રહી છે. આ કાર્યક્રમમાં પ્રદેશના મહામંત્રીશ્રી અને ઝોન પ્રભારીશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી રસિકભાઈ પ્રજાપતિ, સાંસદ અને પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડૉ. હેમાંગભાઈ જોષી, વડોદરા જિલ્લા પ્રમુખશ્રી ડૉ. બી. જે. બ્રહ્મભટ્ટ, જિલ્લાના પ્રભારીશ્રી, ડૉ. ઋત્વિજ પટેલ, જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી જ્યોત્સનાબેન, ધારાસભ્યોશ્રીઓ, સંગઠનના હોદેદારશ્રીઓ, આગેવાનો, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





કમલમ્,

રજમા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના ત્રીજા તથા અંતિમ દિવસે મામવાડા પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે નાના ભૂલકાઓનું હર્ષોલ્લાસ સાથે સ્વાગત કરી તેમનો શાળા પ્રવેશ કરાવવાનો અવસર મળ્યો. દરેક બાળક શિક્ષિત બને, દરેક દીકરી આત્મનિર્ભર બને અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા ગુજરાતનું ભવિષ્ય વધુ ઉજ્જ્વળ બને તે જ આ મહોત્સવનો મુખ્ય હેતુ છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણા અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીના માર્ગદર્શન હેઠળ રાજ્યનો દરેક બાળક શિક્ષણ સાથે જોડાય અને પોતાના જીવનમાં સફળતાના નવા શિખરો સર કરે તેવા પ્રયાસો સતત થઈ રહ્યા છે. શિક્ષણ એ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ નથી, પરંતુ એક સશક્ત, સંસ્કારી અને આત્મનિર્ભર સમાજના નિર્માણનું શ્રેષ્ઠ સાધન છે. આ પ્રસંગે એસડીપીઓ ચોધરી સાહેબ, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી જસુભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ, બળદેવજી રાજપૂત સરપંચશ્રી, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી શૈલેષભાઈ, શ્રી અભૂજી ઠાકોર, શ્રી પ્રભાતસિંહ ઠાકોર, શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી અજહરભાઈ, શ્રી રણજીતસિંહ ઠાકોર, આચાર્યશ્રી, શિક્ષકો, સ્ટાફ મિત્રો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા કટોકટીના સમયગાળા દરમિયાન દેશવાસીઓ પર થયેલા અત્યાચાર, દમન અને લોકશાહી મૂલ્યોના હનનને ઉજાગર કરતી પ્રદર્શનીનું આયોજન કરાયું

**૨૫ જૂને સેકટર ૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે પ્રદર્શની યોજાઈ, ૨૬ જૂને સેકટર-૭ શાક માર્કેટ પાસે અને ૨૭ જૂને સેકટર-૨૪ શાક માર્કેટ પાસે આ પ્રદર્શની નાગરિકો માટે ખુલ્લી રહેશે**

## ડો. આશિષકુમાર દવે

- કોંગ્રેસે દેશ ઉપર કટોકટી લાદી દેશના નાગરિકોના મૂળભૂત અધિકારોનું નિર્દયતાપૂર્વક હનન કર્યું, પ્રેસ-મીડિયાની સ્વતંત્રતા પણ છીનવી
- કટોકટી દરમિયાન વિરોધના દરેક અવાજને દબાવી દેવામાં આવ્યો અને હજારો નિર્દોષ નાગરિકો, સામાજિક કાર્યકરો તેમજ રાજકીય આગેવાનોને જેલના સળિયા પાછળ ધકેલી અમાનવીય યાતનાઓ આપવામાં આવી-
- આજે જ્યારે કોંગ્રેસ સંવિધાન અને લોકશાહીના નામે જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે, ત્યારે લોકશાહીની હત્યારી કોંગ્રેસ અને કટોકટીના એ કાળા દિવસોની સત્યઘટનાઓ તેમજ સંવિધાન પર કરવામાં આવેલા પ્રહારોને યુવા પેઢી સમક્ષ ઉજાગર કરવું અતિઆવશ્યક છે



કમલમ્,

ઈતિહાસનો એ કાળો દિવસ ૨૫ જૂન, ૧૯૭૫ કે જ્યારે કોંગ્રેસ દ્વારા સત્તાની લાલસા અને દમનકારી માનસિક્તા સાથે દેશમાં કટોકટી લાદીને લોકશાહીની હત્યા કરવામાં આવી હતી ત્યારે '૨૫ જૂન-બંધારણહત્યા દિવસ'અંતર્ગત પ્રદેશ ભાજપાની કાર્યસૂચિ મુજબ ગાંધીનગર મહાનગર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવેના માર્ગદર્શન હેઠળ શહેરના સેકટર ૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે કટોકટીના સમયગાળા દરમિયાન દેશવાસીઓ પર થયેલા અત્યાચાર, દમન અને લોકશાહી મૂલ્યોના હનન ને ઉજાગર કરતી પ્રદર્શની યોજાઈ હતી. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ડૉ. આશિષકુમાર દવે, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ સહિત આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

૨૬ જૂને સેકટર-૭ શાક માર્કેટ ખાતે અને ૨૭ જૂને સેકટર-૨૪ શાક માર્કેટ ખાતે આ પ્રદર્શની નાગરિકો માટે ખુલ્લી રહેશે. ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવેએ 'સંવિધાન હત્યા દિવસ' અન્વયે જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા દેશ ઉપર લાદવામાં આવેલી કટોકટી દરમિયાન દેશના નાગરિકોના મૂળભૂત અધિકારોનું નિર્દયતાપૂર્વક હનન કરવામાં આવ્યું હતું. પ્રેસ-મીડિયાની સ્વતંત્રતા છીનવી લેવામાં આવી, વિરોધના દરેક અવાજને દબાવી દેવામાં આવ્યો અને હજારો નિર્દોષ નાગરિકો, સામાજિક કાર્યકરો તેમજ રાજકીય આગેવાનોને જેલના સળિયા પાછળ ધકેલી અમાનવીય યાતનાઓ આપવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે, સત્તાના અહંકારમાં લોકશાહી મૂલ્યોને કચડી નાખનાર કોંગ્રેસનું આ કૃત્ય ભારતીય લોકશાહીના ઈતિહાસમાં 'કાળા અધ્યાય' તરીકે સદૈવ અંકિત રહેશે. આજે જ્યારે કોંગ્રેસ સંવિધાન અને લોકશાહીના નામે જનતાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે, ત્યારે લોકશાહીની હત્યારી કોંગ્રેસ અને કટોકટીના એ કાળા દિવસોની સત્યઘટનાઓ તેમજ સંવિધાન પર કરવામાં આવેલા પ્રહારોને યુવા પેઢી સમક્ષ ઉજાગર કરવું અતિ - આવશ્યક છે.







કમલમ્,

ગુજરાત સરકારના રજમા શાળા પ્રવેશોત્સવ અંતર્ગત સિદ્ધપુર સ્થિત ધુમ્મડ આનંદપુરા પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આવકારી તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પ્રેરણા અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીના માર્ગદર્શન હેઠળ રાજ્યનો દરેક બાળક શિક્ષણ સાથે જોડાય અને પોતાના જીવનમાં સફળતાના નવા શિખરો સર કરે તેવા પ્રયાસો સતત થઈ રહ્યા છે. શિક્ષણ એ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ નથી, પરંતુ એક સશક્ત, સંસ્કારી અને આત્મનિર્ભર સમાજના નિર્માણનું શ્રેષ્ઠ સાધન છે. આ પ્રસંગે શ્રી વિષ્ણુભાઈ પટેલ, મંજુલાબેન ઠાકોર, શ્રી જશુભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ, શ્રી અભૂજી ઠાકોર, શ્રી શૈલેષભાઈ પટેલ, શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, નફીસાબેન, ડેલીગેટશ્રીઓ, ગામ ના આગેવાન તેમજ આચાર્યશ્રી, શિક્ષકો, સ્ટાફ મિત્રો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં પારુલ યુનિવર્સિટી, વડોદરા ખાતે 'વિકસિત ભારત આંત્રપ્રિન્યોર સમિટ' યોજાઈ

## યુવાનોની પ્રતિભા, સાહસિકતા અને સર્જનાત્મકતા સાથેના વિવિધ ઇનોવેશન, સ્ટાર્ટઅપ આઈડિયાઝ તેમજ ટેક્નોલોજી આધારિત ઉત્પાદનો અંગે માહિતી મેળવી ઉદ્યોગસાહસિકો સાથે સંવાદ કરતા શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા વડોદરાની પારુલ યુનિવર્સિટી ખાતે 'વિકસિત ભારત આંત્રપ્રિન્યોર સમિટ' માં વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ દરમિયાન તેમણે યુવાનોની પ્રતિભા, સાહસિકતા અને સર્જનાત્મકતા સાથેના વિવિધ ઈનોવેશન, સ્ટાર્ટઅપ આઈડિયાઝ તેમજ ટેક્નોલોજી આધારિત ઉત્પાદનો અંગે માહિતી મેળવી હતી તેમજ ઉપસ્થિત ઉદ્યોગસાહસિકો સાથે સંવાદ કર્યો હતો. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, આજે 'સ્ટાર્ટઅપ' શબ્દ ભલે સરળ લાગે, પરંતુ ભારતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષમાં આ ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ હાંસલ કરી છે. ૨૦૧૪ માં દેશમાં માત્ર ૩૫૪ સ્ટાર્ટઅપ હતાં જે આજે સવા બે લાખ જેટલા થયા છે. જ્યારે આજે ભારત વિશ્વના અગ્રણી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવતા દેશોમાં સ્થાન પામ્યું છે. તેમણે ક્હ્યું કે, એક સમય એવો હતો જ્યારે ભારતને પરંપરાગત છબી સાથે જોવામાં આવતું હતું, જ્યારે આજે રાજ્યની એક યુનિવર્સિટીમાં જ વિદ્યાર્થીઓ દ્વારા અનેક આધુનિક ઈનોવેશન અને ટેકનોલોજી આધારિત ઉત્પાદનોની પ્રસ્તુત કરવામાં આવે છે, જે ભારતના વિકાસની સાક્ષી પૂરે છે. દેશની સ્વતંત્રતાના પ્રારંભિક વર્ષોમાં દેશની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કૃષિ અને મર્યાદિત ઔદ્યોગિક વિકાસ સુધી સીમિત હતી જેનો વિસ્તાર આજે પ્રત્યેક ક્ષેત્રમાં થયો છે જેના પરિણામે ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મેજર ઈકોનોમી બન્યું છે. તેમણે જણાવ્યું કે, સ્ટાર્ટઅપ ક્રાંતિને ગતિ આપવાનું કાર્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં થયું છે. બાવળા ખાતેની આઈ-ક્રિએટ સંસ્થા થકી શ્રી મોદીજીએ સ્ટાર્ટઅપના વિચારનો પાયો નાખ્યો હતો જેનું પરિણામ આપણી સામે છે. લાખો યુવાનો સ્ટાર્ટઅપ અને ઈનોવેશનના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. એવી અનેક શોધો અને ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે તેનું સર્જન ભારતમાં થયું છે. તેમણે ઉમેર્યું કે, આજે ભારત 'પીન થી પ્લેન' સુધીના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા તરફ સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે. શ્રી વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પને નવી શક્તિ મળી છે. એક સમય એવો હતો જ્યારે સંરક્ષણ ક્ષેત્રની મોટાભાગની જરૂરિયાતો માટે ભારતને વિદેશ પર નિર્ભર રહેવું પડતું હતું, જ્યારે આજે દેશમાં જ મોટા પાયે સંરક્ષણ સાધનોનું ઉત્પાદન થઈ રહ્યું છે. ડિફેન્સ ક્ષેત્રમાં ૧,૧૦૦થી વધુ ભારતીય કંપનીઓ કાર્યરત છે, જે ભારતની વધતી ટેક્નોલોજીકલ અને ઔદ્યોગિક શક્તિનું પ્રતીક છે. તેમણે જણાવ્યું કે, આજે ભારત '૩ આઈ' – ઈનોવેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈન્ડસ્ટ્રીના મંત્ર સાથે આગળ વધી રહ્યું છે. આ ત્રણેય ક્ષેત્રોમાં યુવાનોની સક્રિય ભાગીદારી વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે તમામ યુવાનોને નવીનતા, સાહસિકતા અને રાષ્ટ્રસેવાના ભાવ સાથે આગળ વધવા હાકલ કરી હતી. ગુજરાતનો ઉલ્લેખ કરતાં શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, વિનાશક ભૂકંપ અને પાણીની અછત જેવી કપરી પરિસ્થિતિઓમાંથી ગુજરાતને બહાર લાવવાનું કાર્ય તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં થયું હતું. તેમણે તમામ પડકારોને તકમાં પરિવર્તિત કરીને ગુજરાતને વિકાસના નવા શિખરો સુધી પહોંચાડ્યું. વર્ષ ૨૦૦૩માં એક નાના ટાઉનહોલથી શરૂ થયેલો 'વાઈબ્રન્ટ ગુજરાત'નો વિચાર આજે વૈશ્વિક ઓળખ ધરાવતો પ્રકલ્પ બની ગયો છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટના માધ્યમથી દેશ-વિદેશના વિશાળ રોકાણો ગુજરાતમાં આવ્યા, જેના પરિણામે રાજયનો ઔદ્યોગિક વિકાસ વધુ મજબૂત બન્યો છે. તેમણે જણાવ્યું કે, આજે કચ્છ અને ભુજ વિસ્તાર વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે વિકસ્યા છે, જ્યાં પીવાના પાણી, ઓઈલ અને ગેસ માટે વપરાતી વિશાળ પાઈપોના ઉત્પાદનનું મહત્વપૂર્ણ કેન્દ્ર ઉભું થયું છે. સરદાર પટેલે જોયેલા સરદાર સરોવર ડેમના સ્વપ્નને સાકાર કરવાનું ઐતિહાસિક કાર્ય પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પૂર્ણ થયું. ડેમની ઊંચાઈ વધારવા અને દરવાજા લગાવવાના પ્રશ્ને એક મુખ્યમંત્રીને ઉપવાસ પર બેસવું પડે તેવી ઘટના દેશના ઈતિહાસમાં પ્રથમ વખત બની હતી. આજે સરદાર સરોવર અને કેવડિયા વિસ્તાર સમગ્ર વિશ્વ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, ગુજરાતમાં માર્ગ વ્યવસ્થા, શિક્ષણ, આરોગ્ય અને શહેરી સુવિધાઓના ક્ષેત્રમાં પણ નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. રાજ્યભરમાં હજારો કિલોમીટરનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવામાં આવ્યું છે, નવી મેડિકલ કોલેજો અને યુનિવર્સિટીઓ શરૂ કરવામાં આવી છે તેમજ અમદાવાદ, રાજકોટ અને સુરત જેવા શહેરોમાં બીઆરટીએસ જેવી આધુનિક જાહેર પરિવહન વ્યવસ્થા વિકસાવવામાં આવી છે. તેમણે યુવાનોને સફળતા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવનપ્રવાસમાંથી પ્રેરણા લેવા આહ્વાન કરતાં જણાવ્યું કે, સફળતા મેળવવા માટે દ્રઢ સંકલ્પ, સતત પરિશ્રમ અને સ્પષ્ટ દિશા અત્યંત જરૂરી છે. તેમણે કટોકટીના કાળા અધ્યાય અંગે વાત કરતા યુવાનોને જણાવ્યું હતું કે, આજથી ૫૧ વર્ષ પહેલાં દેશના ઈતિહાસમાં એવી ઘટના બની હતી જેને કોઈ પણ ભારતીય ક્યારેય ભૂલી શકશે નહીં. ૨૫ જૂનનો દિવસ આજે સમગ્ર દેશમાં 'સંવિધાન હત્યા દિવસ' તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે, જ્યારે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ દેશમાં ઈમરજન્સી લાગુ કરી ત્યારે નાગરિક સ્વતંત્રતા, પ્રેસ અને મીડિયાની સ્વતંત્રતા તેમજ લોકશાહી મૂલ્યો પર ગંભીર પ્રહાર થયો હતો. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ, સામાજિક સંસ્થાઓ અને વિરોધના અવાજોને દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. 'મીસા' કાયદા હેઠળ મોટી સંખ્યામાં લોકોને જેલમાં મોકલવામાં આવ્યા હતા. ભારતના લોકશાહી ઈતિહાસનો આ એક કાળો અધ્યાય છે, જેને દેશ ક્યારેય નહી ભૂલે. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રીશ્રી અને મધ્ય ઝોન પ્રભારી શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, સાંસદ તથા પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડૉ. હેમાંગભાઈ જોષી, જિલ્લા ભાજપા પ્રમુખશ્રી બી. જે. બ્રહ્મભટ્ટ, જિલ્લા પ્રભારીશ્રી ડૉ. ઋત્વિજભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનો, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં યુવા ઉદ્યોગસાહસિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

